ગાંધીનગર સમાચાર
તા. ૧૦-૫-૨૦૧૫, રવિવાર

તંત્રી સ્થાનેથી....

સમાન તક... સમાન ન્યાય...

આપણી જૂની ગુજરાતીમાં એક કહેવત છે :

લાઠી એની ભેંસ. બીજી એવી કહેવત છ : બળિયાના બે ભાગ. સંસ્કૃતમાં એક સૂત્ર છે : 'સર્વે ગુણાઃ કાંચનમ્ આશ્રયન્તે.' આ બધી જ બાબતો સુપરસ્ટાર સલમાન ખાન સાથેના મુંબઈ હાઈકોર્ટના 'સદ્-વ્યવહાર'માં એકી સાથે દૃષ્ટિગોચર થાય છે. સેશન્સ કોર્ટે એને સદોષ માનવવધનો ગુનેગાર ગણીને પાંચ વર્ષની સખત કેદની સજા ઉપરાંત પચ્ચીસ હજારનો દંડ ફરમાવ્યો હતો. તે વખતે આપણને સામાન્ય માનવીની વહારે ચડેલા ન્યાયદેવતા પર માન જ નહીં, અહોભાવ ઊપજ્યો હતો. કરોડો રૂપિયા ખર્ચીને કેસને લૂલો કરી દેવાના અને સાક્ષીઓ ફોડી નાખવાના સલમાનના ધમપછાડા સામે પણ નીચલી અદાલતે ઝીંક ઝીલી હતી અને પેલા ફૂટપાથ પર સૂનારા અને દારૂના નશામાં ગાડી ચલાવનારા અભિનેતાની હડફેટે ચડી જીવ ગુમાવનારા કે અપંગ બની જનારા ગરીબ મજૂરોને ન્યાય મળ્યો હોવાનો અહેસાસ થતો હતો. પરંતુ ટેકનિકલ મુદ્દો કાઢીને ત્રણ જ કલાકમાં હરીશ સાલ્વે જેવા મોંઘા મૂલા એડવોકેટ મુંબઈ હાઈકોર્ટમાંથી બે દિવસના જામીન લઈ આવ્યા હતા, જે પાછળથી કાયમી બની રહેવાના હોવાથી એમને જ નહીં, બલકે સામાન્ય માણસને પણ ખાતરી થઈ ગઈ હતી. ન્યાયપાલિકા પ્રત્યે જાગેલી આસ્થાની ઈમારત ત્રણ જ કલાકમાં જર્જરિત ઈમારતની જેમ ધરાશાયી થઈ ગઈ હતી. હવે હાઈકોર્ટ સલમાન અને એના શુભચિંતકોની ઈચ્છા મુજબ ૧૫ જૂન સુધી એની સજા સ્થગિત કરી છે. હાઈકોર્ટના જજ દ્વારા કરાયેલાં અવલોકનો સલમાનની તરફેણનાં છે. એમણે કહ્યું છે કે એવો કોઈ કાયદો નથી કે શરાબ પીને ડ્રાઈવિંગ કરવાથી સદોષ માનવવધનો ગુનો લાગુ કરી દેવાય! આમ, સલમાનની રાક્ષસી આર્થિક ક્ષમતા સામે એનો રાક્ષસી ગુનો ભૂંસાઈ ગયો છે. આ ચુકાદો ગરીબ માણસની મશ્કરી જેવો છે - તાલેવંતોને બહેકાવનારો છે. એથી જનસાધારણની ન્યાયપાલિકામાંથી આસ્થા ઊઠી જવાની છે. ન્યાય પણ વકીલોની મારફત ખરીદી શકાય છે, એવી ગ્રંથિ દૃઢીભૂત થશે, એમાં શંકાને સ્થાન નથી. ભાજપના સાંસદ અને મુંબઈના ભૂતપૂર્વ પોલીસ કમિશ્નર સત્યપાલસિંહે પણ બહુ જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ગરીબને ભાગ્યે જ ન્યાય મળતો હોય છે એન અમીરને ભાગ્ય જ સજા થતી હોય છે. આપણા દેશમાં કાયદાના નિષ્ણાંતોએ આ પ્રકારની વ્યવસ્થા જ ગોઠવી રાખેલી છે. કોઈ પણ અદાલતના ચુકાદાને અંતિમ ચુકાદો નથી માનવામાં આવતો. જગજાહેર છે કે સલમાને માફ ન કરી શકાય એવો ગુનો કર્યો હતો. આવી 'સેલિબ્રીટી'ને આવા ગુના બદલ કડકમાં કડક સજા કરી દાખલો બેસાડી શકાયો હોત. નીચલી કોર્ટે એ દિશામાં પહેલ કરવાની હિંમત પણ બતાવી, પરંતુ પછી શું? વળી, સલમાનને કદાચ સજા થાય તો પણ જે માણસનો જીવ ગયો કે જે લોકો વિકલાંગ થઈ ગયા, એમના પરિવારોને થયેલ પારાવાર નુકસાનનું શું? ન્યાયપાલિકાએ સલમાનને ઓછી સજા કરીને એ પીડિતોને વધુ વળતર અપાવ્યું હોત તો ભાગ્યે જ કોઈએ વાંધો લીધો હોત. પરંતુ સલમાનના ગુનાથી હરીશ સાલ્વે જેવા વકીલોનાં જ ખિસ્સા ભરાયા છે. એણે દુનિયાભરનાં દાનેશ્વરીનું બિરુદ મેળવ્યું હશે પણ પોતે જેમણે કચડી નાંખ્યા છે એમની માફી માગવાની કે એમને મદદરુપ થવાની એણે લેશ પણ તૈયારી દાખવી નથી. હાઈકોર્ટના સલમાન તરફી વલણથી આમ જનતાને ન્યાયપાલિકામાંથી વિશ્વાસ ડગી જવાનો ભય ઊભો થતો જાય છે આપણા પવિત્ર બંધારણમાં પણ પણ સમાન તક-સમાન ન્યાયનો સ્પષ્ટ નિર્દેશ છે.

ગુજરાતના દરિયાકાંઠા પરથી નાપાક ઈરાદા સફળ નહીં થાય

આનંદીબેને આઈએનએસ કોલકાતાનું નિરીક્ષણ પણ કર્યું દરિયાઈ સુરક્ષા માટે ગુજરાત સરકારના ઈરાદાઓ બુલંદ

ગાંધીનગર, તા. ૯

ગુજરાતનાં ૧૬૦૦ કિલોમીટર લાંબા દરિયા કિનારાથી સુરક્ષા માટે અતિ મહત્વપૂર્ણ એવા નૌસેનાના પોરબંદર સ્થિત બેઝ દ્વારકા-૨ને સરદાર વલ્લભભાઈ પટેલ નામાભિધાન કરવાની ગૌરવવંતી ક્ષણોમાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સહભાગી બન્યા હતા. આ પ્રસંગે તેમણે ડંકાની ચોટ પર કહ્યું કે ગુજરાતના દરિયા કિનારેથી કોઈપણ નાપાક ઈરાદા કામિયાબ નહિ થવા દેવામાંઆવેઅનેઅરબી સમુદ્રની સુરક્ષા માટે ગુજરાતના જવાનો ખભે ખભા મેળવીને કામ કરે છે. મુખ્યમંત્રીએ ગુજરાત સરકાર દ્વારા દરિયાની સુરક્ષા માટે લેવાયેલ પગલાંની વિગતો જાહેર કરતાં કહ્યું કે, સાગર તટની સુરક્ષા માટે રાજય સરકાર અતિ સક્રિય છે. અરબી સમુદ્રમાં બાર નોટીકલ માઈલ સુધી મરીન પોલીસ દ્વારા પેટ્રોલિંગ કરવામાં આવે છે. કોસ્ટલ એરિયામાં મરીન પોલીસ સ્ટેશન પણ કાર્યરત કરવામાં આવ્યા છે. રાજય સરકાર આગામી દિવસોમાંહેલીકોપ્ટર દ્વારા પેટ્રોલિંગ થાય તેવી વ્યવસ્થા કરનાર છે. આનંદીબેન પટેલે સાગર સુરક્ષાની નાણાકીય જોગવાઈ અંગે જણાવ્યું હતું કે, તટીય વિસ્તારોના વિકાસ માટે કોસ્ટેલ એરિયા ડેવલપમેન્ટ પ્લાનમાં કેન્દ્ર સરકારના નાણાકીય સહયોગ ઉપરાંત રાજય સરકાર દ્વારા પણ વધારાની નાણાકીય ફાળવણી કરવામાં આવી છે. આ સંદર્ભમાં તેમણએ ઉમેર્યું કે, રાજયમાં ૨૩ મરિન પોલીસ મથકે તથા દરિયાઈ ઘૂસપેઠ રોકવા અને સુરક્ષા પ્રબંધન માટે સ્પેશિયલ મરિન કમાન્ડો ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે તથા ગુજરાતે દેવભૂમિ દ્વારકામાં નેશનલ મરિન પોલીસ અકાદમી માટે વિનામૂલ્યે જમીન પણ ફાળવી છે. સઘન સુરક્ષા અને શાંતિપૂર્ણ માહોલ પરસ્પર પૂરક હોવાની વાતની ભુમિકા સ્પષ્ટ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે જ્યાં શાંતિ હોય ત્યાં જ વેપાર વાણિજ્યનો વિકાસ થાય છે.

ગુજરાતના દરિયાકિનારે ૪૪ જેટલા નાના મોટા બંદર છે. ભારત દેશની કુલ આયાતનિકાસ પ્રવૃત્તિ પૈકી ૪૦ થી ૪૫ ટકા ગુજરાત બંદરેથી થાય છે. આવા સંજોગોમાં સાગર સુરક્ષા મહત્વની છે.

એ દાયિત્વ તટરક્ષક દળ અને નૌસેનાના જવાનો નિભાવે છે. પ્રાચીન કાળથી વેપારી પ્રવૃત્તિ અંગે પણ મુખ્યમંત્રીએ જણાવ્યુંહતુંકે, ગુજરાતમાં લોથલ અને ધોળાવીરા જેવા બંદરો હતા અને ત્યાંથી દેશ વિદેશમાં વેપારો થતા હતા. આ બાબતને ધ્યાને રાખી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોર્ટના વિકાસ માટે યોજનાઓ બનાવી હતી. એના ફળસ્વરૂપ જ ગુજરાતના બંદરેથી વેપારી પ્રવૃત્તિઓનો વિકાસ થયો છે. કેન્દ્રમાં નેતૃત્વ પરિવર્તન બાદ ગુજરાતના માછીમારો માટે અનેક રાહતો આવી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની કુશળ વિદેશ નીતિના પરિણામે પહેલા ૧૫૦ માછીમારો અને બાદમાં ૫૭ બોટ પાકિસ્તાને છોડી છે. સરહદની સુરક્ષા અંગે બુલંદ ઈરાદા સ્પષ્ટ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, પહેલા એક સમય હતો કે ગુજરાતનો દરિયા કિનારે દાણચોરી માટે જાણીતો હતો. દેશવિરોધી પ્રવૃત્તિઓ પણ અહિ થઈ હતી. પણ સરકારની અભેદ સુરક્ષા વ્યવસ્થાના કારણે આવી પ્રવૃત્તિ બંધ થઈ ગઈ છે.

ચાંદખેડામાં કોમન પ્લોટમાં પાણીની ટાંકી બનાવાતા વિવાદ સર્જાયો

અમદાવાદ, તા.૯

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ચાંદખેડામાં ૧૯૭૫માં ગુજરાત હાઉસિંગ બોર્ડની સ્કીમ હેઠળ સૌ પ્રથમ લક્ષ્મીનગર યોજના બની હતી. ૧૯૯૧ થી ૧૯૯૪માં વિધ્યાચલનગર બનાવ્યા બાદ આ કોમન પ્લોટને બચાવવા સ્થાનિક રહેવાસીઓએ આંદોલન પણ કર્યું હતું. અને આજે ફરી એક વાર આ કોમન પ્લોટ પર તંત્ર દ્વારા પાણીની ટાંકી બનાવવામાં આવી રહી છે. ત્યારે ત્યાંના રહીશોએ વિરોધ વ્યક્ત કર્યો છે. જો કે ૨૦૦૭માં વન વિભાગે કોમન પ્લોટ અને બીજી જમીન પર વૃક્ષો વાવ્યા હતા. આ બાબતે સ્થાનિક રહેવાસીઓએ જણાવ્યું હતું કે ૩૫૦૦ મકાન ધરાવતી અમારી વસાહતનો આ મુખ્ય કોમન પ્લોટ કોર્પોરેશન હડપ કરી જવા માંગે છે. ત્યાં પાણીની ટાંકી બનાવાઈ રહી છે.

અમારા બાળકો ક્યાં રમવા જશે તંત્રે પાણીની ટાંકી બનાનના કોઈની પરવાનગી લેવાની તસ્દી પણ લૂધી નથી. સ્થાનિક રહેવાસીઓએ આવીત કાલે સવારે ૯ થી ૧૦ દરમિયાન વિરોધ પ્રદર્શન કરી વસાવતના આંતરિક રસ્તા ઉપર રેલી કાઢશે. પશ્ચિમઝોનનાં એડિશનલ સિટી ઈજનેર હરપાલસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે ત્યાં વોટર પ્રોજેકટ વિભાગ પાણીની ટાંકી બનાવી રહ્યા છે. ચાંદખેડાના હાઉસિંગ બોર્ડની આ વસાહતમાં પાણીનો પ્રશ્ન છે એટલે કંઈ સમજાતું નથી કે લોકોને પાણી જોઈએ છે કે બાળકો માટે રમવાનું મેદાન તેમજ વોટર પ્રોજેક્ટના અધિકારી મયુર પટેલે જણાવ્યું હતું કે આ કામ તો ત્યાનાં લોકોને પાણી પુરુ પાડવા જ કરી રહ્યા છીએ અત્યાર સુધી ખુલ્લો પ્લોટ હતો તો ઉપયોગ કરતાં જ હતાને.

હરિની દૃષ્ટિ...

આ ગાંધીનગર છે.. જો કોઇ ગાડી ઝીગઝેગ ચાલતી આવે તો ઝાડ પર ચડી જાજે... આપણા લીધે નકામા કોઇ ચમરબંધીની કેરીયર પુરી થઇ જશે.. !!

સોમવારે ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સ્વિમિંગ સિલેક્શન ટ્રાયલ યોજાશે

ગાંધીનગર, તા. ૯

૩૨મી સબ-જુનીયર અને ૪૨મી જુનીયર ગુજરાત સ્ટેટ એક્વેટિક ચેમ્પિયનશીપ-૨૦૧૫, તા. ૩૦ અને ૩૧ મે, ૨૦૧૫નાંરોજ અમદાવાદ મુકામે યોજાનાર છે. તો આ માટે ગાંધીનગર ડીસ્ટ્રીક્ટની સિલેક્શન ટ્રાયલ ૧૧-૫-૨૦૧૫, સોમવારના રોજ સવારે ૮.૩૦ વાગ્યાથી જીમખાના સ્વિમિંગ પુલ, સેક્ટર-૧૯ ખાતે આયોજીત કરવાનું નક્કી કરવામાં આવેલ છે. તો આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્પર્ધકોએ તા. ૧૦-૫-૨૦૧૫ પહેલાં ફોર્મ ભરી રાકેશભાઈ ભટ્ટ, જીમખાના સ્વિમિંગ પૂલ, સેક્ટર-૨૧ ખાતે જમા કરાવવાનાં રહેશે. ત્યારબાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં જેની નોંધ લેવા એસોસિએશન દ્વારા જણાવાયું છે.

જૂનાગઢમાં નરસિંહ મહેતા યુનિવર્સિટી આજે શરૂ થશે

અમદાવાદ, તા.૯

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ આવતી કાલ, રવિવારે સવારે જુનાગઢમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીનો શુભારંભ કરાવશે. રાજય સરકારે વર્ષ ૨૦૧૫-૧૬ના બજેટમાં બે નવી યુનિવર્સિટીઓ જુનાગઢ અને મધ્ય ગુજરાતના આદિજાતિ વિસ્તારમાં શરૂ કરવા કરેલા પ્રાવધાનને આ નરસિંહ મહેતા યુનિવર્સિટી જુનાગઢના શુભારંભ સાથે વાસ્તવિક સ્વરૂપ મળશે. આનંદીબેન પટેલ આ અવસરે જુનાગઢ શહેરમાં પોલિટેકનિક કોલેજનો લોકાર્પણ તથા કલેકટર કચેરીના અદ્યતન ડિઝીટાઈઝડ રેકર્ડરૂમનું પણ ઉદ્ઘાટન કરવાના છે. મુખ્યમંત્રી ત્યારાદ સાંજે સાસણગીર પહોંચીને ગુજરાતની શાન ગીરના સિંહોની વસ્તી ગણતરીની વિગતો પત્રકાર પરિષદમાં જાહેર કરાશે. તથા રાત્રીરોકાણ સિંહ સદનમાં જ કરશે. આનંદીબેન પટેલ સોમવારે ૧૧મી ને એ સવારે સાસણમાં એનિમલ કેર સેન્ટરની મુલાકા લેશે. તથા વનવાસી બહેનોના વર્મીકમ્પોસ્ટ ડેમોસ્ટ્રેશન સેન્ટરનું ઉદ્ઘાટન કર્યા બાદ બપોરે ગાંધીનગર પરત આવશે.

શું 'ભાઇ' થશે 'બંધ' ? કહાની પૂરી ફિલ્મી હૈ...!!!

રઝળપાટ

અજય ઉપાધ્યાય

akurjt@gmail.com

સતારાના એ નવજુવાનની આંખોમાં દેશ માટે મરી ફીટવાની ભાવના હતી જે એને ખેંચી લાવેલી મુંબઈ પોલીસફોર્સમાં પણ એને ખબર નહોતી કે મરી ફીટવાની એ ભાવના જ ખરેખર એક દિવસ એનો જીવ લેશે. ૨૮ સપ્ટેમ્બર ૨૦૦૨ની એ ગોજારી રાત્રે જયારે સલમાને ફૂટપાથ પર સુતેલા લોકો પર પોતાની લેન્ડ ક્રુઝર ચડાવી દીધી ત્યારે સલમાનના સરકારી રક્ષક તરીકે પચીસ વર્ષનો તરવરીયો રવીન્દ્ર પાછળની સીટમાં હાજર હતો. ગમખ્વાર અકસ્માતની ફરજના એક ભાગ રૂપે એણે પોલીસમાં જાણ કરી અને પ્રત્યક્ષદર્શી તરીકે એણે સલમાને કરેલા એકસીડન્ટની જાણકારી આપી. બસ ત્યાંથી એની માઠી બેસી ગઈ. ૨૭ સાક્ષીઓમાંથી એ એક જ એવો હતો જે છેક સુધી એની વાતને વળગી રહેલો પછી ભલેને એના લીધે એને એસઓએસ માંથી હટાવી દેવાયો હોય કે પછી ખુદ એના જ ડીપાર્ટમેન્ટે રવીન્દ્રથી ફેરવી લીધેલા મો ને લીધે એની માનસિક હાલત બગડી ગઈ હોય.આવા હાઈપ્રોફાઈલ કેસમાં સાક્ષી હોય એની ઉપર કેટલું દબાણ આવતું હશે એ નાનું બચ્ચું પણ સમજી શકે એમ છે. સાક્ષી બનવાને લીધે એને સુરક્ષા કારણોસર એકલો કરી દેવામાં આવ્યો અને સરવાળે એ કોર્ટમાં જતા જ ડરવા લાગ્યો. બીકના માર્યા કે દબાણના માર્યા એ કોઈને કહ્યા વગર જતો રહ્યો. સમજી શકાય એવી વાત છે કે જો સાક્ષી જ ગેરહાજર રહે તો કેસનો નિવેડો આવે જ નહી એટલે એ ખુદ કોર્ટથી ભાગતો હતો કે એને ભગાડવામાં આવતો હતો એ તો હવે એની સાથે જ દફન થઈ ગયેલું રહસ્યય છે પણ એક સમય એવો આવ્યો કે વગર રજાએ ગેરહાજર રહેવા બદલ અને કોર્ટમાં ના હાજર થવા બદલ એના નામનું વોરંટ નીકળ્યું અને લોકોને જેલમાં ધકેલનારના નસીબમાં આર્થર રોડની જેલના સળિયા ગણવાનો વારો આવ્યો. અંતે અસહ્ય દબાણ કે પછી એકલા પડવાને લીધે એ બધી રીતે ખત્મ થઈ ગયો અને એના લીધે ગળવા લાગ્યો જે અંતે ટીબીમાં પરિણામ્યો જે જીવલેણ સાબિત થયું અને આ હોનહાર કોન્સ્ટેબલ ભિખારી જેવી હાલતમાં ૨૦૦૭માં મૃત્યુ પામ્યો.

રવીન્દ્ર પાટીલની આટલી લાંબી કહાની લખવાનું કારણ એ જ છે કે ૨૭ સાક્ષીઓમાંથી એકમાત્ર રવીન્દ્રની સાક્ષીનો આધાર લઈને જજે સલમાનને ૫ વર્ષની જેલની સજા સંભળાવી. ૨૦૦૨માં હીટ એન્ડ રન થયું અને પાંચ વર્ષ પછી ૨૦૦૭મા રવીન્દ્રનું મોત. જાણે આ પાંચ વર્ષ રવીન્દ્રએ જે પણ યાતના ભોગવી હશે એનો કદાચ જજે બદલો વાળ્યો સલમાનને પાંચ વર્ષની જેલની સજા સંભળાવીને. કદાચ રવીન્દ્રનો આત્મા ખુશ થયો હોય...!! રવીન્દ્રની આ વાત લખતી વખતે સલમાન પ્રત્યેનો કોઈ દુરાભાવ કે નફરત બતાવવાની હરગીજ કોશિશ નથી પણ કહેવાનું તાત્પર્ય એ છે કે એવું તો શું બન્યું હશે કે રવીન્દ્રને ભાગતા ફરવું પડ્યું હોય? જનરલી તો સાક્ષીની સલામતી પોલીસનું જ કામ હોય છે જયારે અહી તો ખુદ સાક્ષી જ પોલીસ પોતે હતો છતાં પણ...? સવાલો અનેક છે અને કદાચ જવાબો ઓછા છે. મરતા પહેલાના અમુક સમય પહેલા પાટીલે પત્રકારોને કહ્યું હતું કે સલમાનના અકસ્માતે મારી જિંદગી બગાડી મૂકી. યસ એમ તો જિંદગી સલમાનની પણ બગડી જ ગઈ છે ને? એણે પણ એવું નહિ વિચાર્યું હોય કે ખાલી એક સાક્ષીની પ્રાથમિક જુબાની એને ગુનેગારમાં ફેરવી નાખશે. પેલું કહેવાય છે ને કે હાથી પૂછડીએ આવીને અટક્યો...!!!

રવીન્દ્રના આ મુશ્કેલી ભર્યા સમય પર કોઈનું ધ્યાન નાં ગયું હોત જો બુધવારે સલમાનને પાંચ વર્ષની સજા નાં પડી હોત. જો કે આટલી મોટી સજા પડશે એવું તો સલમાન કે સલમાનના વકીલોએ સપનામાં પણ નહિ વિચાર્યું હોય. વિચાર તો કરો કે બોલીવુડનો સુપરસ્ટાર જે કેસમાં સંકળાયેલો હોય અને ખાસ તો એ પોતે જાણતો હોય કે આમાંથી બચવાના કાનૂની છીંડા ઓછા છે ત્યારે એ કેસ અને એ કેસની સાથે જોડાયેલા બધાની અહીમીયત અનેકગણી વધી જાય જ અને એટલી જ તીવ્રતાથી વધી જાય એમાંથી છૂટવાના ધમપછાડાની રફતાર. બુધવાર અને શુક્રવારે ભારતની પ્રજાએ આવા જ અનોખા ધમપછાડાના મીડિયાના માધ્યમથી ભરપેટ દર્શન કર્યા. જયાં અરજદારની એક સાદી એપ્લીકેશન સ્વીકારવામાં વર્ષો નીકળી જાય છે એવા ભારતીય ન્યાયતંત્રમાં સલમાન જેવા સ્ટારની જામીન યાચિકા ફક્ત ચાર કલાકમાં સ્વીકારીને મંજુર પણ કરી દેવાય છે. આટલી રોકેટ ઝડપે કામ કરતી કોર્ટો અને જજસાહેબો પણ ભારતમાં વસે છે એના સાક્ષાત દર્શન ભારતની જનતાએ આખો ફાડી ફાડીને કર્યા. એમ કોઈ શંકા જ નથી કે ન્યાયતંત્રના ચોપડામાં એવા કાયદાઓ હશે કે જેનો લાભ લઈને સલમાન જામીન મેળવવામાં સફળ થયો પણ છતાયે જે રીતે અને જે ઝડપે આખીયે પ્રક્રિયા થઈ એનાથી ઘણા બધા લોકને અચરજ જરૂર થયું. કાયદાની વાત એક બાજુ રાખીએ તો પણ આ ચાર કલાકના જામીનવાળા ડ્રામા પરથી ફરી એક સવાલ ઉઠવા પામ્યો કે હજુયે કાયદો અમીરો માટે જ છે કે શું?

રાકેશ રોશનની ફિલ્મ કાલાબાઝારમાં સરસ ગીત હતું, ઠન ઠન કી સુનો ઝનકાર કી દુનિયા હૈ કાલાબઝાર કી પૈસા બોલતા હૈ... બુધવારે ૧૨ વાગતા આવેલા ચુકાદાને લીધે જે ન્યાયતંત્ર ને સલામ કરવા કરોડો હાથ ચા થયા એ જ ન્યાયતંત્રના લુંપ્હોલ્સ નો લાભ લઈને સાંજ પડતા તો સલ્લુને જામીન પણ મળી ગયા. ખબર નહિ શું ખેલ થયો એ પણ જે ઝડપે થયું એ જોયા પછી ચા થયેલા એ હાથો સહેજ અચકાયા તો ખરા જ. યસ, ભારતમાં આટલી ઝડપે અને આટલી ચોક્કસતાથી ન્યાય મેળવવા માટે પૈસાદાર હોવું પ્રાઈમ જરૂરીયાત છે અને સલમાન પાસે એ છે. એમા ના નહિ કે કાનુનના હાથે ચડેલા દરેક નાગરીકને પોતાને બચાવવાનો પૂરો અને પુરતો હક્ક છે અને એના માટે ન્યાયતંત્રમાં પુરતી જોગવાઈઓ પણ છે પરંતુ ચાર જ કલાકમાં આટલો ત્વરિત અને તાત્કાલિક ન્યાય ? એક સેલ્યુટ તો બનતા હૈ. આપણા કાયદાઓમાં અનેકો છીંડા છે એ સર્વવિદિત હકીકત છે પણ એ છીંડાનો લાભ બધા ક્યાં લઈ શકે છે? હવે જો સલમાનના પૈસાની મદદથી સલ્લુના વકીલોએ એનો લાભ ઉઠાવ્યો હોય તો એમાં કાઈ ખોટું નથી. કાયદાની આંટીઘુટી સામાન્ય માણસ ક્યારેય જાણી શક્યો નથી. દેશની અદાલતોમાં અનેકો આવા હીટ એન્ડ રનના કેસો પડ્યા હશે, એ બધામાં કે એમાંના અમુકોમાં પણ આવા છીંડા હશે જ પણ કદાચ એ બધા સલમાન નહિ હોય કે પછી એ બધા વકીલો હરીશ સાલ્વે કે અમિત દેસાઈ નહિ હોય. યસ, આમાં પણ કિસ્મતનું હોવું જરૂરી છે જ.

સવાલ સલમાનને જામીન મળ્યા એના કરતા પણ વધુ ગંભીર એ વસ્તુનો છે કે અકસ્માત થયો ત્યારથી જ સલમાનને બચાવવાના પ્રયત્નો ચાલુ થઈ ગયા હોય એવું દેખાઈ આવે છે. સજાનો ચુકાદો આપનાર જજે પણ બધા જ ફરી ગયેલા સાક્ષીઓના નિવેદનોને નજર અંદાજ કરીને એ વાત પર જ ભાર આપ્યો કે સલમાને પ્રથમથી જ ખોટી માહિતી આપેલી. ખરેખર તો આ આખાયે બનાવને હીટ એન્ડ રનના નામે ઓળખીએ છીએ પણ હકીકત એ છે કે રૂપેરી પડદા પર અનેક ગુંડાઓને ખોખરા કરતો આ મેચો સ્ટાર ૧૩ - ૧૩ વર્ષથી કેસથી પોતાની જાતને છોડાવવા રન કરતો રહ્યો - ભાગતો રહ્યો. દારુ પી ને ડ્રાઈવિંગ કરવું એટલે કોઈ શીખાઉને હાથમાં એકે૪૭ આપવા જેવું કામ થયું. દારૂના નશામાં થયેલો અકસ્માત હજુયે ક્ષમ્ય છે પણ અકસ્માત પછી ભાગવું - બચવું કે એવી કોશિશ કરવી શરમજનક અને અમાનવીય કૃત્ય છે. અકસ્માત પછી હું ગાડી નહોતો ચલાવતો કે છેક છેલ્લે છેલ્લે કોર્ટમાં ડ્રાઈવર પાસે જુબાની અપાવવી કે ગાડી સલમાન નહિ હું ચલાવતો હતો એવા બચાવી પેતરા છેક સુધી ચાલુ રહ્યા.

અગેઈન શુભચિંતકો એવી દલીલો કરશે કે બચાવનો દરેકને હક્ક છે પણ તો પછી એમ કેમ કે ચાર જ કલાકમાં જામીન પણ મળી જાય? કોર્ટ પણ વધુ સમય બેસે? જે પોલીસ ફોર્સના જવાને જાત હોમીને પણ સત્યનો સાથ ના છોડ્યો એ જ પોલીસદળ સ્ટારની ગાડીને કોર્ડન કરે, ઘર સુધી સુરક્ષા આપે કે પછી ટોળાને વિખેરવા લાઠીચાર્જ પણ કરે? અને આ બધામાં કોઈ માઈનો લાલ એ વાતનો હરફ પણ નાં ઉચ્ચારે કે ચગદાઈ ગયેલા એ માણસનો પરિવાર કે પછી ઘાયલ થયેલા બાકીના લોકો પર આ આખાયે ડ્રામાની શું અસરો થતી હશે? એ નાં ભૂલવું જોઈએ કે અદાલતે સલમાનને ગુનેગાર જાહેર કર્યો છે અને ઓલરેડી સજા પણ સંભળાવી છે. ભલે હજુ કાયદાની આંટીઘુટીનો લાભ લઈને કદાચ સલ્લુમિયાં તાત્કાલિક તો જેલ નહિ જાય પણ ભારતના ન્યાયતંત્રની એક અદાલતે એને ગુનેગાર જાહેર કરી જ દીધો છે એવા સમયે ઋષિ કપૂરનું આ બયાન ધ્યાન ખેચનારું છે કે તમારા ચહિતા સ્ટાર હોવાના નાતે એ બરાબર છે કે તમને એના પ્રત્યે સહાનુભુતિ હોઈ શકે પણ સાથે સાથે સયમ રાખવો પણ જરૂરી છે. પણ આપણે તો સિનેમાપ્રેમી પ્રજા અને એમાયે આ તો સલમાન, એટલે પછી સ્વાભાવિક પણે મીડિયાથી લઈને બધાને એ જ દેખાય પણ સ્ટારભક્તિની ચરમસીમામાં એ ભુલાઈ ગયું કે સલમાને ઓલરેડી એક ને પોતાની કાર નીચે કચડી નાખેલ છે અને કોર્ટે એ માન્યું પણ છે એવા સમયે મીડિયામાં જાણે સલમાન ગુનેગાર નહિ પણ પીડિત હોય એવા દ્રશ્યો ૨૪/૭ સતત ચાલ્યા.

બુધવારે જયારે ચુકાદો સંભળાવાયો ત્યારે આ સુપરસ્ટાર તો કોર્ટરૂમમાં શાંત જ રહેલો. દબંગથી ડાહ્યા થઈ ચુકેલા સલમાને ચુકાદાને શાંતિથી સ્વીકારેલો પણ ચાહકો અને ખાસ કરીને વગર વિચાર્યે કુદી પડનારા કે પછી સલ્લુની ગુડબુકમાં આવવા મથતા લોકોએ આખુયે મીડિયા અને શોશિયલ મીડિયા માથે લીધું. અભિજિત જેવા ફ્લોપ ગાયકોને કે ફરાહખાન જેવાને સલમાન ભક્તિમાં એટલી પણ અક્કલ નાં આવી કે ફૂટપાથ પર સુવું ગુનો નથી પણ દારુ પી ને કાર ચલાવવી કે એ કારથી કોઈને મારી નાખવા કે ગંભીર રીતે ઘાયલ કરવા એ ગુનો છે. બોલીવુડવાળા તો સમજયા કે સ્વાભાવિકપણે સલમાનના પક્ષમાં બોલે જ અને એનું એક કારણ એક તો સલમાન એટલો મોટો સ્ટાર છે કે એની ખફગી કે નારાજગી કોઈને પોસાઈ નહિ અને બીજું કે સલમાને છેલ્લા એકાદ દસકામાં પોતાની ઈમેજમાં ધરમૂળથી પરિવર્તન લાવ્યો છે. એક સમયનો બેડ બોય હીટ એન્ડ રન અને રાજસ્થાનના ચિંકારા કેસમાં જેલની હવા ખાઈ ચુક્યા પછી એટલું તો સમજી ચુક્યો છે કે એણે પોતાની બેડબોયની ઈમેજ બદલવી જ પડે. જોધપુરના જેલવાસ દરમ્યાન આ મેચો સ્ટાર એટલો ડરી ગયેલો કે એણે પોતે કહેલું કે ભગવાન કોઈને જેલ નાં દેખાડે. યસ હજુ સલમાન પર જોધપુરના ચિંકારાવાળો કેસ તો લટકે જ છે અને એમાં પણ ભાઈજાનના બચવાના ચાન્સીસ ઓછા જ છે, હા આ હીટ એન્ડ રનની જેમ પણ એમાં ફાઈનલ જજમેન્ટ આવતા વર્ષો નીકળી જશે. મુસીબતો સલમાનનો પીછો છોડે એમ લાગતું નથી.

એશને મારઝૂડવાળું પ્રકરણ કે પછી વિવેક ઓબેરોયવાળી માથાકૂટ કે પછી અન્ડરવર્લ્ડ સાથેના કથિત સબંધો જેવા છમકલાઓ માટે પ્રખ્યાત સલમાને છેલ્લા ઘણા સમયથી બીઈંગ હ્યુમન નામની એનજીઓ દ્વારા સારી એવી ચેરીટી અને સદભાવનાનું સામાજિક કાર્ય શરુ કરીને પોતાની ઈમેજ બદલાવી કાઢેલ છે અને એનાથી એણે ઘણા જરૂરીયાતોને મદદ પણ કરેલી છે. સફળતાની એક પછી એક સીડી ચડતો આ સુપરસ્ટાર છેલ્લા ઘણા વર્ષોથી ઠરેલ અને શાંત બનતો ગયો છે એમાં ચિંકારા અને હીટ એન્ડ રન કેસમાં પડનારી સજોનો છૂપો ડર પણ હોય શકે, પણ એનડીટીવીના એક પ્રોગ્રામમાં પત્રકાર બચી કરકરીયાએ કહ્યું એમ તમે ગમે એટલી ચેરીટી કરી હોય કે ગમે એટલું સદ્કાર્ય કરતા હોવ પણ એનો અર્થ એ નથી કે તમે કોઈને મારી નાખો કે, અસામાજિક કામ કરો. એક્જેટ આ જ વાત જજ દેશપાંડેએ સજાના ચુકાદામાં પણ નોંધી છે. દરેક વ્યક્તિ પરત્વે કે પછી ખાસ કરીને સલમાન જેવા લોકો કે જેનો ફોલોવીગ વર્ગ વધુ હોય એવા પ્રત્યે સ્વાભાવિક ચાહકોની સહાનુભુતિ હોય જ પણ સહાનુભુતિ પગચંપી કે આંધળી ભક્તિમાં ફેરવાઈ જાય ત્યારે એ ના ભૂલવું જોઈએ કે એ પણ એક મનુષ્ય છે અને ખાસ તો બીજા સામાન્ય આરોપીની જેમ જ આરોપી પણ છે અને હવે પાંચ વર્ષની સજા મળ્યા પછી ગુનેગાર પણ છે ત્યારે સોશિયલ મીડિયા પર કે ઈલેક્ટ્રોનિક મીડિયા પર સલમાન તરફી ભાટાઈ કરતા પહેલા એ પણ યાદ રાખવું ઘટે કે સલમાનની લેન્ડ ક્રુઝર નીચે આવી ગયેલા એ પાંચ લોકો હજુ પણ દારુણ સ્થતિમાં જ જીવે છે. ૨૦૦૨ની એ રાત પછી પણ સલમાન મુક્ત રીતે હરી ફરી શક્યો છે - પાર્ટીઓ કરી શક્યો છે - સ્ટારડમ માણી રહ્યો છ